# 'લાગણી': એકલહુવોરની સભર કથા

રઘુવીર ચૌધરીની નવલકથા 'લાગણી' ૧૯૭૬માં પ્રકાશિત થઈ ત્યાર પછી એની નવી આવૃત્તિઓ થતી રહી છે. એ સૂચવે છે કે આટલાં વરસો પછી પણ 'લાગણી' વાંચકોને ગમે છે. એ પુસ્તકરૂપે પ્રકાશિત થઈ તે પહેલાં 'જન્મભૂમિ'ની રવિવારની પૂર્તિમાં દર અઠવાડિયે છપાઈ હતી. એ પહેલાં રઘુવીરભાઈની 'વેણુ વત્સલા' પણ દર રવિવારે 'જન્મભૂમિ'માં પ્રકાશિત થઈ હતી. એમને પ્રશ્ન થયો હતો, 'કુતૂહલ જગવતી ઘટનાઓની શૃંખલાના અભાવે માત્ર માનસિક સંચલનો પર મદાર બાંધતી વાર્તા વિશાળ વાંચકવર્ગને અનેક રવિવારો સુધી કેવી રીતે જકડી રાખે?' જોકે 'લાગણી'ને પરિસ્થિતિ અને ઘટનાની અણધારી મદદ મળી હોવાનો સધિયારો એમને હતો.

રઘુવીરભાઈએ આ નવલકથા 'ઉપરવાસ' પછી લખવા માંડી હતી. ઘણી વાર બૃહદ કૃતિના સર્જન દરમિયાન એવું કશુંક સૂઝી આવે, જેનાં મૂળ લખાઈ રહેલી કૃતિમાં હોય. એ કથાનક સ્વતંત્રપણે વિકસવા માંડે અને પોતાની અલગ માંગ સાથે સર્જકની સામે ઊભી રહે. 'લાગણી'માં વિસ્તારની શક્યતા નહોતી કે બહુ લાંબો પટ આવરવાની આવશ્યકતા પણ નહોતી. 'લાગણી'માં સમાજ આવ્યો છે પરંતુ એના કેન્દ્રમાં એક વ્યક્તિનાં માનસિક સંચલનો છે, સમાજ પૃષ્ઠભૂમિમાં રહે છે. દિગીશ મહેતાએ 'લાગણી'ની પ્રાસ્તાવિક નોંધમાં નોંધ્યું છે એમ આ નવલકથા આપણી ગ્રામજીવનની નવલકથાઓમાં બનતું એથી આગળ વધે છે. એમણે કહ્યું છેઃ 'આ વખતે પન્નાલાલભાઈના કાનજી-જીવીની જ વાત નથી. એ બે વચ્ચે હવે અભુભાઈનો, અમેરિકાનો ઓળો પડ્યો છે. કપા'ની દવાનો દવ તેમનામાં લાગી ચૂક્યો છે. એમના મેળા, એમના દુકાળ, એમનાં આણાં અને વળામણાં – એટલેથી વાત હવે આગળ ચાલી છે.' સમયની સાથે ગામડું પણ બદલાયું. 'ઉપરવાસ'નો રેલો આગળ લઈ જતી 'લાગણી'ની ભાષા બદલાઈ છે. રઘુવીરભાઈ કહે છેઃ ભાષાનું 'મૂળ કાઠું બદલાઈ ન જાય એની કાળજી રાખી.'

'લાગણી' મોટે ભાગે કથાનાયક લાલજીના ચિત્તમાં આકાર લે છે, જાણે એનું મન રંગભૂમિ હોય અને એક આખું જીવનનાટક એના પર ભજવાતું હોય, જુદા અર્થમાં 'દિલધડક' રીતે. દિલધડક એટલા માટે કે એમાં લાલજી નામના માણસના દિલમાં રહેલી લાગણી શબ્દેશબ્દે ધબકે છે. બધું જ દૃશ્યાત્મક બનતું રહે છે. મને એની દૃશ્યાત્મકતા આકર્ષી ગઈ હતી. એથી મેં 'લાગણી' નવલકથાનું રેડિયોનાટકમાં રૂપાંતરણ કર્યું હતું. ૧૯૮૫-૮૮ના ગાળામાં

હું આકાશવાણીના વડોદરા કેન્દ્ર પર કામ કરતો હતો. મેં સ્ક્રિપ્ટ લખી અને ભરત ચૌહાણે અમદાવાદ કેન્દ્ર પરથી પ્રસ્તુત કર્યું. મારે જોવું હતું કે ચલચિત્ર કે ટેલિવિઝન જેવા વિઝ્યુઅલ માધ્યમ માટે વધારે અનુકૂળ કૃતિને માત્ર ઉચ્ચરિત શબ્દોના માધ્યમમાં રેડિયોનાટકરૂપે કેવું 'દશ્યરૂપ' આપી શકાય? મોટો પડકાર એ હતો કે માત્ર સંવાદો અને સાઉન્ડ ઇફેક્ટસની મદદથી શ્રોતાઓ એમના ચિત્તમાં પાત્રો, પરિવેશ, ઘટનાને 'જોઈ' શકે અને લાલજી અને અન્ય પાત્રોનાં મનોસંચલનોને અનુભવી શકે. એ કામ ચાલતું હતું ત્યારે રઘુવીરભાઈએ લાલજીના મનમાં પ્રવેશીને કેવી સર્જનાત્મકતાથી એનું ભાવજગત ખોલી આપ્યું છે એ વાત મને નજીકથી સમજાઈ હતી. લાગણીના અમૂર્ત ભાવને અહીં નક્કર આકાર મળ્યો છે. 'લાગણી'ની પ્રથમ કે દ્વિતીય આવૃત્તિના મુખપૃષ્ઠનું ચિત્ર પણ મને આકર્ષી ગયું હતું. ચિત્રમાં યુવતીનો ચહેરો હતો, એની બંને આંખમાંથી ટપકતાં અશ્રુની જગ્યાએ બે ફૂલ મૂક્યાં હતાં. એ પણ લાગણીનું દશ્યસ્વરૂપ.

કથાકાર રઘુવીરભાઈની પાત્રોને વિકસાવવાની કલાસૂઝનું મને વિશેષ આકર્ષણ છે. નાનાંમોટાં બધાં પાત્રો જીવંત વ્યક્તિની જેમ વાંચકના ચિત્તમાં ઊઘડે અને લાંબા સમય સુધી સ્મૃતિમાં અકબંધ રહે. પાત્રોનું એ રીતે ઊઘડતા જવું કથાના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે. સમર્થ સર્જક વાર્તા કે નવલકથા લખતાં પહેલાં, ઘણી વાર લખતાં લખતાં, એનાં પાત્રોની બધી જ રેખાઓ સ્પષ્ટપણે કલ્પી લે તો એનાં કેવાં સુપરિણામો મળે એ રઘુવીરભાઈની કૃતિઓમાંથી મેં જાણ્યું છે. (રઘુવીરભાઈએ થોડો સમય 'દિવ્યભાસ્કર' અખબારની રવિપૂર્તિ 'રસરંગ' માટે કથાકંડિકાઓ લખી હતી. એમાં પણ બહુ ઓછા શબ્દોમાં પાત્રોનાં ગાઢ ચિત્રો દોર્યાં હતાં.) 'લાગણી'નાં લાલજી, રેવા, વીરજી જેવાં પાત્રો તો ખરાં જ – મુખી, રેવાના પિતાજી, અભુભાઈ, સુંદરી, લાલજીનો મોટોભાઈ, ભાભી, ભરવાડણ ગગી, ડેરીનો કારકુન જેવાં અન્ય પાત્રો પણ સુરેખ બન્યાં છે. ક્યારેક તો થોડાં લસરકાથી આખું પાત્ર ઊઘડી જાય છે. લાલજીનાં ભેંશ અને કાબરો કૂતરો પણ લાગણીનો ભાવ મૂર્તિમંત કરે છે. લાલજી કપાસની દવા પીને હૉસ્પિટલમાં જીવનમરણ ઝોલાં ખાય છે ત્યારે વીરજી કાબરાને ગાંઠિયા આપે છે તો એ સૂંઘતો પણ નથી.

એક ગામડિયો માણસ લાલજી – બાપે સાધુઓઓને વેચ્યો પરંતુ પાછો આવી ગયો. મોટાભાઈએ અવગણ્યો. ખેતરમાં જ પડ્યો રહે છે. લોકોની નજરે જાત વનાનો, અપશુકનિયાળ, અક્કરમી, પચ્ચી-છવી કે અઠાવીસ વરસનો વાંઢો. ભીતરમાં એક શરત લઈને જીવતો સાચો માણસ. એને માણસાઈ અને લાગણીથી ઓછું કશુંય જોઈતું નથી. નવલકથાના આરંભે એના દોસ્ત શવજીએ આપઘાત કર્યો પછી મુખી લાલજીને સૂચવે છે – 'પેલો શવલો મરી ગયો એની વહુને ઘરમાં ઘાલવી છે?' શવજીની વહુ તો લાલજીની ભાભી જેવી. લાલજીનો મુખીને જવાબ છેઃ 'સાલા તને લાગણી ન હોય પણ હું તો માણસ છું.'

લાલજીનું આ રૂપ સમગ્ર નવલકથામાં જુદીજુદી બાહ્ય અને આંતર્ પરિસ્થિતિઓમાં ઊઘડે છે, બલકે વિકસે છે. એનું નિરૂપણ એ 'લાગણી'ની કથા. ત્યાં સુધી કે છેલ્લે રેવાનો બાપ,

એની મા પણ, લાલજીને રેવાનો હાથ ઝાલી હેંડવા માંડવાનું કહે છે ત્યારે રેવાનો ભાઈ એનો વિરોધ કરે છે. લાલજી રેવા સાથે જવા પણ માંડે છે પરંતુ થોડે આગળ જઈને ઊભો રહી જાય છે. એ કોઈ બાહ્ય પડકારને લીધે ઊભો રહ્યો નથી, હંમેશાં લાગણી શોધતા પેલા માણસે એને અટકાવ્યો છે. દિગીશ મહેતા કહે છેઃ 'લાલજીની ખરી ખૂબી તેની આ જિદમાં છે... લાલજી મરદ તો છે જ, પણ મરદ ઉપરાંત તેને માણસ થવું છે. વસમું છે પણ મરવા સુધી વાત આવે છે તોય તે તેનો પ્રયત્ન મૂકતો નથી.'

શવજી કપાસની દવા ખાઈને આપઘાત કરે છે એથી લાલજીના મનમાં ઊઠતાં વિચારવમળોની સાથે કથાનો પ્રારંભ થાય છે. લાલજીની પ્રતિક્રિયા છેઃ 'સાલા બાયલા છે બધા મરનારા. મરવું જ હોય તો છાતી તોડીને ન મરે? દિયોર જીવાત ને મચ્છર તો હવે આ બધી દવાઓથી ટેવાતા જાય છે. એકલો માણસ જ મરે છે...' વક્રતા એ છે કે કથાના અંતે એ જ લાલજી પોતે પણ કપાસની દવા પીને આપઘાત કરવાનો પ્રયાસ કરે છે. આ બે બિંદુની વચ્ચે કથાપ્રવાહ વહે છે. એના કેન્દ્રમાં છે લાલજીની સાચી લાગણીની ઝંખના અને સાચો માણસ બનવાની હઠ. એને કોઈ પણ વાતમાં લાગણીથી ઓછું કશુંય જોઈતું નથી. શવજીને બાળવા જાય છે ત્યારે પોલીસતપાસની બીકથી વિધિસર સ્મશાને લઈ જવા જેટલો સમય નથી. લાલજીની પહેલથી એના શબને ખાટલા પર ઉપાડી જવો પડે છે. લાલજી સંવેદે છેઃ 'ખાટલો ઉપાડ્યો ત્યારે સાલું રુંગું આવી ગયેલું. એટલીય લાગણી ના હોય? ખેતરમાં પડી રહ્યા એથી શું પાળિયા થઈ ગયા?'

ઉંમર મોટી થઈ ગઈ છતાં લાલજીનું ઘર મંડાયું નથી. સાધુઓ પાસેથી પાછો આવ્યો ત્યારે માબાપ મરી ગયાં હતાં. મોટાભાઈને ઝેર જેવો થઈ પડ્યો. એણે જમીનમાં પૂરતો ભાગ આપ્યો નહીં. તેમ છતાં લાલજી એમના માટે વિચારે છેઃ 'ભલે એણે મને અડધોઅડધ ભાગ ન આપ્યો પણ ત્રણ વીઘાં જમીન તો કાઢી આપી! ને પાછું જૂનું ઘર! પછી મારે શું જોઈએ?' ચુગલખોર લોકોને કહે છેઃ 'એની જગાએ તમારા જેવો ભાઈ હોય તો શકોરુંય ન આલે.' એવું નથી કે એ મોટાભાઈને ઓળખતો નથી પરંતુ લાલજીનો સિદ્ધાંત છે – દરેક માણસની ભલમનસાઈમાં ભરોસો રાખવો. આ વલણ એ છેવટ સુધી જાળવી રાખે છે.

ગામના ઉતાર જેવા, ચોરીચપાટી કરે એવા વીરજી સાથે પણ લાલજીને લાગણીનો સંબંધ. જરૂર પડે ત્યારે એને જોઈતીકરતી મદદ કરે. વીરજી ખોટું કામ કરતો હોય ત્યારે એને વારે, ધમકાવે, સાચો રસ્તો બતાવે. વીરજી મુખીને ઓંઘળીઓ વચ્ચે બાંધી બાળી નાખવાનો પ્રયાસ કરે છે ત્યારે લાલજી એને લાફો મારી દે છે પરંતુ વીરજીને ઘેર દૂઝણું નથી અને એની પત્ની ગર્ભવતી છે ત્યારે એને નિયમિત દૂધ મળતું રહે એની વ્યવસ્થા લાલજી કરે છે. વીરજીને ખોટાં કામ કરતો વારે પણ એક વાર એને પૈસાના અભાવે ઘણા વખતથી દારૂ પીવા મળ્યો નથી એવું જાણ્યા પછી લાલજી જ પાંચ રૂપિયા કાઢી આપે છે, 'મારા તરફથી પીજે જા...' એનો આ સ્નેહ, એની લાગણી, એનું માણસપણું વીરજીને પણ માણસ બનાવે છે. વાતેવાતે અને વિનાકારણે લાલજી માટે ખલનાયક બની બેઠેલા મુખીને વીરજીના હાથે બળી મરતો લાલજી બચાવે છે. લાલજીને કારણે વીરજી અને મુખી 'માણસ' બને છે.

ભરવાડણ ગગી સાથે એક વાર દેહસંબંધ બાંધ્યો હતો. ગગીને મોટી ઉંમરના ભરવાડ સાથે પરણવું પડ્યું એનું લાલજીને દુ:ખ છે. એક વાર એ લાલજીના ખેતરે આવી ચઢે છે. ‘તાકડે લાલજી ચા ઉકાળી રહ્યો હતો. ગગીને ચા પીવાની ટેવ ન હતી. સમ ખાઈને પીવડાવી. હાસ્તો, એક વખતની પાકી ઓળખાણ. ચા પાયા વિના તે જવા દેવાય? પણ બીજી ઢીલીપોચી વાત જ નહીં. જતાં જતાં ગગી મહેણુંય મારતી ગઈ: ‘તમે તો જાણે બધુંય ભૂલી જ ગયા ભિયા!’ લાલજીની પ્રતિક્રિયા છે: ‘કશુંય ભૂલ્યા નથી ભાઈ, કશુંય ભૂલ્યા નથી, પણ શું થાય? આ માણસ છીએ એની જ બધી મોંકાણ છેને!’

શહેરમાં રહેતા અભુભાઈ સાથે લાલજીને બહુ સારો સંબંધ. ગૌરવ અનુભવે. અભુભાઈ અને એમની પ્રેમિકા સુંદરીબહેન લાલજીના ગામ આવ્યાં છે. એની વાડીએ જાય છે તે વખતે લાલજીનું હરખઘેલું વર્તન જુઓ: ‘એ તો થોડી વાર એમની આગળ ચાલે, ઊભો રહે, સાથે થાય, બે ડગલાં પાછળ રહીને એમને બંનેને સાથે ચાલતાં જુએ ને પછી પોતાનો હર્યોભર્યો વગડો જુએ. વિચાર કરે, અમે ત્રણ કેવાં ચાલી રહ્યાં છીએ? રામ, સીતા ને લક્ષ્મણ જ જોઈ લ્યો, હાસ્તો, બીજું શું?’ એમાં એણે માનેલાં બે સ્વજન વચ્ચેની લાગણી જોઈને મનમાં જન્મેલો સાહજિક ઉમળકો છે. અભુભાઈ-સુંદરીને પ્રાપ્ત થઈ છે એવી લાગણી પોતાને મળે એવી ઝંખના પણ એમાં છે. એ અભુભાઈ અને સુંદરીના સંબંધમાંથી પ્રેમનું ઉમદા ઉદાહરણ જોતો હતો. જ્યારે એને ખબર પડે છે કે એમના સંબંધમાં લાગણીનું તત્ત્વ નહિવત્ હતું ત્યારે એ નારાજ થઈ જાય છે. એ અભુભાઈને માફ કરી શકતો નથી. અભુભાઈ અને સુંદરીના પ્રસંગની પડખે લાલજીની સાચા પ્રેમ અને સાચી લાગણીની ભાવનાને નક્કર રૂપ મળે છે.

કૂવાનું શારકામ કરાવતા વક્તાકાકા લાલજીને અપશુકનિયાળ - અભાગિયો કહીને અપમાનિત કરે છે છતાં વીફરેલા વીરજીને એ કહે છે: ‘વક્તાકાકાનો જરાય વાંક નથી. આ આપણે ઘણાંના શકન નથી લેતા તે નથી લેતા. એક જાતનો વેમ. હોય એ તો.’ બહારથી સ્વસ્થ હોવાનો ડોળ કરે છે પરંતુ અંદરથી વ્યથિત છે. ખેતરમાં આવી આંબા નીચે ખાટલા પર સૂઈ જાય છે ત્યારે એની આંખો ભીની થઈ જાય છે. ‘એક આંસુ નાકને અડકતું હોઠ સુધી આવીને અટક્યું. મંજરીની તપેલી સુગંધ અને એની ચમકતી આંખના આંસુની ભેગી અસરમાં એ ઝાઝી વાર પડી રહી શક્યો નહીં. ગમતું હતું આ પડી રહેવું. થોડુંક રડી લેવાથી બધું સહેલાઈથી સહી લેવાય એમ હતું.’ અપમાનની વેદનામાં રેવાની સ્મૃતિ ભળે છે. વિચારે છે: ‘રેવાને જોયા પછી નક્કી હું ઢીલો થઈ ગયો છું. નકર આમ રૂંગું આવી ન જાય. કો’ક અભાગિયો કહે એમાં શું બગડી ગયું?’ રેવા માટે જાગેલી લાગણીએ લાલજીને આર્દ્ર બનાવી દીધો છે.

લાલજીમાં રહેલી લાગણીની ઉત્કટ ઝંખના રેવાના સંદર્ભમાં સવિશેષ પ્રગટે છે. નવલકથાનો મૂળ કથાપ્રવાહ પણ એ જ છે. બાજુના ગામની રેવા સાથે લગ્ન કર્યા પછી અમેરિકા ગયેલા છોકરાએ છૂટાછેડાનો કાગળ લખી દીધો હતો. એ વાત જાણ્યા પછી લાલજી મુખી અને મોટાભાઈની સહાયથી પોતાનું એની સાથે ગોઠવાય એ માટે પ્રયત્ન કરે છે. એમનું નકારાત્મક

વલણ જોઈ એ જાતે જ રેવાને ઘેર પહોંચી જાય છે. રેવા ઘરમાં એકલી છે. લાલજી એને મળે છે. એનું નામ સાંભળતાં જ સગપણ જેવું લાગવા માંડે છે.

જેને વરવાની મનોકામનાથી આવ્યો છે એ અજાણી યુવતીને પોતાનો પરિચય આ રીતે આપે છેઃ 'હું નથી મોભાદાર માણસ કે નથી મોટો ભણેશરી. નામેય કંઈ તમારા જેવું રૂપાળું નથી. લાલજી. એકલો છું. સાવ એકલો ને અડબંગ. વગડાના રોઝ જેવો. ક્યારેક મૉર જેવો મીઠો લાગું તો ક્યારેક ખરા બપોરે ભટકતા ભૂત જેવો લાગું. આ તો જરા કપડાં ઊજળાં પહેર્યાં છે તે કંઈક વળાકામાં દેખાઉં છું; બાકી, તમારા સમ, મારામાં એવું કશું નથી. તમને ગમે એવું તો કશું નથી... છતાં આવ્યો છું, બેઠો છું ને હજી સાન ઠેકાણે આવી નથી તે નશરમો થઈને ન કહેવાનું કહેવા લાગ્યો છું. સાચું કહું છુંઃ મતલબનો સગો થઈને આવ્યો છું. મનમાં થયું કે જાઉં. બીજાઓને વીનવી જોયા પણ સહુએ વાયદા કરવા માંડ્યા. મને થયું કે જાઉં ને કહી આવું. ભાયગ પાંસરું તે તમે જ ભેગાં થ્યાં. તમને ખોટું લાગે તો ટુંકારો દઈને ઉઠાડી મૂકજો. કૂતરાંને ખાસડું મારતાં હો એમ છૂટું ખાસડું મારજો પણ ભગવાને હવે મેળાપ કરાવ્યો જ છે તો કહી જ દઉં છું. હું તમારી સાથે સગું કરવાની વાત લઈને આવ્યો છું.'

લાલાજીની રજૂઆતમાં સચ્ચાઈ, પ્રામાણિકતા, પારદર્શકતા છે. રેવા એને છોડી દેનાર યુવક પ્રત્યે અણગમો દર્શાવવા લાગે છે તો લાલજી માટે હવે રેવા સાથે પોતાની સગાઈ કેવી રીતે થઈ જાય એનો સવાલ રહેતો નથી. એ રેવાને અપમાનિત કરનાર પેલા યુવાનને કેમ કરીને નીચું જોવડાવી શકાય એનો વિચાર કરવા લાગે છે. લાલજીના આ ભોળપણની ભીતર છુપાયેલી સાચા માણસની લાગણી રેવા સુધી પહોંચે છે. એ એને પોતાના બાપાને ખેતરમાં ભેગા થઈ આવવાનું સૂચવે છે. રેવાનું પણ મન થોડું ઢળતું જોઈ લાલજી ફરી કહેવા લાગે છેઃ 'તમને ભેગા થયા પહેલાં તમારા બાપા સાથે વાત થઈ હોત ને એમણે ના પાડી હોત તો વાંધો ન હતો. પણ હવે તમારી સાથે આમ ઓળખાણ થયા પછી એ ના પાડે તો જરા લાગી આવે. જરા લાગી આવે એમ તો કહેવાનું, બાકી, ઘણું લાગે. ટાંટિયા જ ભાંગી જાય. ઘેર પહોંચતાં તો ઘડપણ આવી જાય. શું સમજ્યાં?'

રેવાને થાય છેઃ 'આ માણસ તો કંઈક જુદી જ બોલી બોલે છે. એ બોલે છે એ બધું મનમાં વસતું નથી પણ થોડુથોડું ગમે તો છે જ... કંઈ ભોળો તો નથી લાગતો. પણ ભલો લાગે છે ખરો. માગીને બધું લે એવો છે પણ છેતરે એવો નથી. બળજબરીય ન કરે... એનું ચાલે તો અત્યારે ખભે બેસાડીને લઈ જાય.' વાંચકોને અત્યાર સુધી લાલજી 'દેખાયો' હતો, રેવાની નજરે એ પહેલી વાર 'પરખાય' છે.

પોતાનું સગું કરવા આવેલો માણસ પોતાના વિશે જાતે જ બધું નીતર્યા જળ જેવું સાફ કરી આપે એનું નામ જ લાલજી. એ તો રેવા સાથેની પહેલી મુલાકાતમાં અનુભવવા મળેલી લાગણીના આછા સ્પર્શથી સંતોષ માનીને આખું જીવતર કાઢી નાખે એવો છે. રેવાથી છૂટો પડ્યો ત્યારે છેલ્લી વાર હસવામાં ચમકી ઊઠેલા એના દાંત પરની સોનેરી રેખો યાદ આવતાં જ એનું મન હળવુંફૂલ થઈ ઊઠે છેઃ સંવેદે છેઃ 'આમ મળાયું એય ક્યાં ઓછું છે?'

મુખી પાસેથી જાણવા મળે છે કે રેવાનું બીજે પાકું થઈ ગયું છે. ત્યાર પછી પીંખાયેલી લાગણીનો વિષાદ લાલજીને ઘેરી વળે છે. એ કપાસની દવાના ખાલી ડબામાં ભરી રાખેલું પાણી ગટગટાવીને સૂઈ જાય છે પણ એની અસર થતી નથી. એ ઢળતી રાતે ખુદ રેવાને ભેગો થઈ આવવાનું નક્કી કરે છે. 'એનું બીજે પાકું થઈ ગયું હશે તો એના મોંએ જાણીને મને કંઈ દુઃખ થવાનું નથી. આટલા દા'ડા મમતા રાખી એય મારે માટે ઓછું નથી. હું તો કહીશ કે મા-બાપે તમને નાંખવા ધાર્યાં હોય ત્યાં ખુશીથી જાઓ. મનમાં ઓછું લાવશો નહીં. ભગવાન સૌ સારાં વાનાં કરશે. મારી તો લાગણી છેઃ તમે સુખી થશો. મારું તો ઠીક. ચાલ્યા કરશે આમ ને આમ. શું કામ ખોટું લગાડું? વગર હકે? મારું તો શું હતું તે ગયું? હેં?' પણ સપનું સાવ જુદું આવે છે – 'રેવાને વળાવવા આખું ગામ ભેગું થયેલું છે. બધાંને મળીને એ વહેલમાં બેસવા જાય છે ત્યાં બાજુમાં ઊભેલો લાલજી એની નજરે પડે છે. રેવા એટલા માણસ વચ્ચે ભાન ભૂલીને એની પાસે દોડી આવે છે. વળગી પડે છે. સગા બાપનેય આમ વળગી ન હતી. એના ગળે હાથ વીંટાળીને એણે આંગળીઓ ગૂંથી લીધી છે. નથી છૂટતી. લાલજી બહુ સમજાવે છે. આ સારું ન દેખાય હોં રેવા, જાઓ વહેલમાં બેસી જાઓ... હવે તમે પારકાં થયાં. મૂકી દો...'

રેવાને મળે છે. ખબર પડે છે કે એનું બીજે થઈ ગયું છે એ વાત અફવા હતી. લોકો પૈસાના જોરે એને વરવા આવ્યા હતા. બાપે ના પડી દીધી છે. રેવા પણ લાલજી જેવું જ બોલે છેઃ 'એમ કોઈના કહેવાથી વેચઈ જઈએ તો આપણે માણસ શેનાં?' આગળ કહે છેઃ 'મને ખબર છે કે તમારા જેવો આદમી મને મળવાનો નથી.' બાપે પણ નક્કી કર્યું છે – 'હવે તો માણસ જોઈને સગું કરવું છે.' લાલજી માટે આનાથી મોટી ધરપત બીજી કોઈ ન હોય. લાલજી માટે લગ્ન એ કંઈ સાટાવહેવાર નથી. એ એના મોટાભાઈ કે ગામના બીજા લોકોની જેમ વહુને માત્ર ભોગવવાનું સાધન માનતો નથી. એ રેવાને કહે છેઃ 'તમને શી વાત કરું? આ તો તમે મારી કદર કરી. બાકી કશી આશા નથી. ગમે તેની જોડે પૈણવા હું રાજી નો'તો. લાવે છે લોકો, નાત બારથીય બૈરાં લાવે છે. મેંય એક જણને લાઈ આલેલું. પણ એનો અરથ શો? કાંક સરખેસરખું ગોઠવાય, ઓળખાણ થાય, એકબીજા માટે માન વધે, ટૂંકમાં, મરતાં દમ કાંક લાગણી જેવું –'

રેવા એને એક વરસ રોકાઈ જવાનું કહે છે તો રાજી થઈને એનું સૂચન સ્વીકારી લે છે. જેની સાથે મન મળ્યું છે એને પામવા એ સાત ભવ રાહ જોવા તૈયાર છે. રેવા પાસેથી પાછો આવે છે પછી એની યાદ વધારે વસમી બને છે. વિચારે છેઃ 'આ તો પરણ્યાથીય ચડી જાય. જીવ મળ્યા જેવું બીજું સુખ નઈ. આમ જોવા જાઓ તો સુખ ને પાછું આમ જોવા જાઓ તો દુઃખ. આ મન ત્યાં એની પાસે ને બીજું બધું અહીં. યાદ આવતાં જ છેટાંનો ખ્યાલ આવી જાય છે. દોહ્યલું લાગે છે.' ક્યારેક તો એને ઉપાડી આવવાની ઇચ્છા પણ થાય અને પછી જાતે જ ભેગી આવવા તૈયાર થયેલી રેવાને મનોમન સમજાવવા લાગેઃ 'તારાથી ન અવાય અત્યારે મારી સાથે. હું તો સૂધબૂધ ભૂલી ગયો'તો તે દોડી આવ્યો પણ તું તો બત્રીસ લખણી છે. જરા વિચાર તો કર ગાંડી. આમાંથી કાંક થઈ ગયું તો –' રેવા લાલજીને મન

'ભગવાનની આશિષ જેવી છે. એને તો વરિયાળીના ધરુ જેમ સાચવવાની હોય. નખ પણ અડવા ન દેવાય.'

મુખીએ ખોટા આક્ષેપ મૂકી લાલજીને પોલીસમાં પકડાવ્યો એનું એને જેટલું દુઃખ થાય છે એથી વિશેષ આ વાત જાણ્યા પછી રેવા શું વિચારશે એનું દુઃખ વધારે છે. આ વાત ત્યાં પહોંચતાં જ રેવા મન ફેરવી લેશે. થોડા દિવસ પછી બાજુના ગામે કાણે જવાનો પ્રસંગ ઊભો થાય છે. રેવા પણ એના ગામના લોકો સાથે આવી છે. બેય જણ એકબીજાને મળવા માટે બસ-ટ્રેક્ટર જવા દે છે. મુખીએ મૂકેલો આરોપ ખોટો હતો અને લાલજીએ જ મુખીને બચાવ્યો હતો એ બધી વાતોની રેવાને ખબર છે તે જાણ્યા પછી લાલજીને ફરીથી 'બધું વહાલું વહાલું' લાગવા માંડે છે.

લાલજી રેવાને એના ખેતર સુધી મૂકવા જાય છે. રસ્તામાં સાકડું નેળિયું આવે છે. સામેથી આવતા ખટારાને પસાર થવા દેવા લાલજી થોરની વાડ પાસે પગ ઊંચો મૂકીને હાથેક જેટલો ઉપર ચડી જાય છે. રેવાનો હાથ પકડીને ટેકો દે છે. રેવા લાલજીના ખભા સુધી નમી જાય છે. 'એનો ચહેરો લાલજીના શ્વાસમાં આવી જાય છે.' લાલજી 'જોધપુરનો રાજા હોય એવી ગૌરવભરી' ચાલે ચાલવા માંડે છે. રેવાને પ્રથમ વાર જોઈ ત્યારથી મનમાં ઊઠતો ઉમળકો વ્યક્ત કરે છેઃ 'ક્યારનું થાય છે કે તમને ઉપાડીને બે ડગલાં ચાલું.' એ રેવાને 'ફૂલની જેમ ઊંચકી' લે છે, એના કપાળે હોઠ મૂકી સંતોષનો શ્વાસ લે છે. સાત ડગલાં ચાલી એને ઉતારે છે. એના હાથે બચી કરે છે.

રેવાના સાટામાં એના કાકાના દીકરાનું ગોઠવી આપવાની વાતો ચાલે છે. રેવાનો ભાઈ પણ એમાં ભળ્યો છે. એ તો લાલજીનો સૌથી મોટો દુશ્મન થઈ ગયો છે. ઘરમાં વાતાવરણ તંગ છે. એવા એક તાસીરા વખતે રેવા સ્પષ્ટ શબ્દોમાં કહી દે છેઃ 'બીજે તો નઈ જ જાઉં. જાઉં તો એને (લાલજીને) જ ઘેર જાઉં'. એ વાત લાલજી સુધી પહોંચે છે. વિચારે છેઃ 'એ તો એણે મારે માટે થઈને લાજ મૂકીને! ભલે બે દાડા ટીકા થતી. પછી હું બધું સમુંસૂતરું કરી આપીશ.' રેવાના સંદેશા આવ્યા કરે છે – 'હમણાં ઘરમાં કકળાટ છે, ન આવશો. આવવું હોય તો આવજો. એમ તો કશી ફિકર નથી. દાડો ઊગતાના આવો તો સારું.' લાલજીએ બે જોડ નવાં કપડાં ને લાલ રંગના બૂટ સિવડાવી રાખ્યા હતા. સોનેરી કિનારવાળો ખેસ ખરીદ્યો હતો. ચાંદીનાં બટનમાં નવી દોરી નખાવી રેશમનાં ફૂમતાં મુકાવ્યાં હતાં. આ વખતે તો એ કોઈ નાના ગામના ઠાકોરની જેમ જવાનો છે. સાથે બૅન્કની ચોપડીય લઈ જશે. રેવાના ભાઈ આગળ ફેંકીને કહેશેઃ 'જોઈ લો, બાર હજાર છસો ને બાર રૂપિયાની બચત છે. હજી તો એમાં છેલ્લા છ મહિનાનું વ્યાજ ઉમેરાવ્યું નથી.'

મન પાછું પડ્યા કરે છે. વીરજી કહે છેઃ 'રીતસરનું આણું થાય એની ઘેલછા મૂકી દે. એક દાડો જાતે જ ઊપડ, લાકડી લઈને. સમી સાંજનો જજે ને એને ખેતરમાંથી જ સીધી તેડી લાવજે. એ આવવા માગે છે પછી તારે શી ફિકર છે? અને અહીં આવ્યા પછી તો હું બેઠો છું બાબરો ભૂત થઈને. ભલે ને એ લોકો પચાસનું ધાડું લઈને આવે. ભાગોળે જ બેસીશ, ખભે કડિયાળી ડાંગ કરીને.'

લાલજીનો જવાબ છેઃ ‘એ તે કંઈ માણસની રીત છે?’ એ વીરજીને કેમ સમજાવે કે ‘આ તો અંદરની ઊલટની વાત છે, લાગણીની...’

ભરવાડણ ગગી પણ પૂછે છેઃ ‘તો પછી શું કામ મોડું કરો છો?’ લાલજી જવાબમાં ઝાડ અને ડાળીનો દાખલો આપે છે. ‘ઊડઝૂડ ડાળી કાપવા જઈએ તો આખું ઝાડ હાલી જાય. જ્યારે સાચવીને એમાંથી કલમ તૈયાર કરીએ તો કેવું રૂડું ફળ આવે!’ મુખીએ પણ સલાહ આપી છેઃ ‘જા, જઈને લઈ આવ. એ લોકો કંકોતરી લખે એ આશા જ ખોટી છે... મેં આટઆટલી ભલામણો કરી તોય ન માન્યાં એ હવે આપમેળે તને બોલાવશે? ફોગટની વાટ જોયા વિના જઈ આવ. નઈ તો રેવાનેય લાગવા માંડશે કે તું મોળો છે.’

છેવટે લાલજી જાય છે. રેવાના ખેતરમાં જ જાય છે. એનો બાપ મળશે તો એમની રજા લઈ રેવાને ભેગો થવા જશે. રેવાનો બાપ આવકાર આપે છે. ભાઈ મોઢું ચઢાવી આઘો જાય છે ને પાણતીને કહે છેઃ ‘જા લ્યા, દોડતો જઈને રેવાને બોલાઈ આવ. આવા આને જવાબ આલી દે. પછી આંટાફેરા કરતો તો મટે! આવા લફંગાઓને કોઈ કહેનારું નઈ હોય!’

રેવાનો બાપ દીકરાના વલણથી કંટાળ્યો છે. લાલજીને કહે છેઃ ‘તમારે જે કરવું હોય એ કરજો. રેવાની માએય હવે છૂટ આલી દીધી છે. બસ તમે એટલું જ જોજો કે કોઈએ નાકલીટી તાણવી ન પડે.’ લાલજીને પણ એ જ વાતની પડી છે, કોઈને પણ નાકલીટી તાણવી પડે એ એને ગમે નહીં. એ રેવાના ભાઈ સાથે સમાધાન કરવાની વાતો કરે છે તેમ તેમ એ વધારે ફૂંગરાય છે. રેવા નેળિયામાં આવતી દેખાય છે. ‘નવાં કપડાં પહેરેલાં ને હાથમાં થેલી.’ લાલજીને લાગે છે, જાણે વેરાનમાં મોરનો ટહુકો. રેવા બાપની રજા લે છે. ભાઈ લાકડી લઈને આવે છે ને રેવાને રોકે છે. લાલજી કહે છેઃ ‘તમે ભાઈ-બુન શું કામ લડો છો? આ તો આખી જિંદગીનું સગું.’

ભાઈ લાલજીને ગાળો આપે છે, એના બરડા પર લાકડી તાકે છે, લાલજી એની લાકડી ભાંગી નાખે છે. કાકાનો છોકરો અને એનો ભાગિયો ધારિયાં લઈને દોડી આવે છે. લાલજી રેવાને કહે છેઃ ‘આજનો દાડો સારો લાગતો નથી. હું મુરત જોવડાવી, પાંચ માણસ લઈ તેડવા આવીશ. આ ઝપાઝપીમાં મારા હાથે કોઈને વાગી બેઠું તો પાછા કાયમના નેહાકા...’ પણ રેવા તો ઘરની બહાર પગ મૂકી ચૂકી છે. એ જવા માટે આગળ થાય છે. લાલજી પણ એની પાછળ ચાલવા લાગે છે. ‘એના એક પગમાં ઉમંગ હતો ને બીજામાં વસવસો.’ રેવા કહે છેઃ ‘બહુ ડાહ્યા થયા વના પગ ઉપાડો. મારાં માબાપની રજા છે.’ બાપા પણ હાથ ઊંચો કરી જવા સૂચવે છે. સાતેક ખેતર વટાવે છે ત્યાં પાછળથી ભાઈની બૂમ સંભળાય છે. લાલજી ધીમો પડે છે. રેવા એને આગળ વધવા કહે છે. લાલજીનું મન માનતું નથી. ‘સગો સાળો દોડતો આવે છે ને આપણે ચાલ્યા કરીએ તો એ કંઈ માણસની રીત?’

ભાઈ કહે છે, માએ રેવાને બોલાવી છે. કહ્યું છે કે આજ ને આજ, અબઘડી કંકોતરી લખી આણું તેડાવશે. દીકરી આમ પહેર્યા લૂગડે જાય એમાં એમની સાત પેઢી વગોવાય. રેવા પાછી વળવા તૈયાર નથી. લાલજી વિમાસણમાં છે. રેવા રિસાઈને મોઢું ફેરવી લે છે.

લાલજી માટે આ વસમી ઘડી છે, એક બાજુ રેવા અને બીજી બાજુ એણે જિંદગીભર તાક્યું છે એ. કહે છેઃ 'જુઓ, સૌનું ભલું તાકવા જેવું સુખ નઈ.' લાલજીને પૂરો ભરોસો છે. એણે આખી જિંદગી માણસની માણસાઈ પર વિશ્વાસ રાખ્યો છે એ એળે નહીં જાય. રેવા નારાજ થઈને પાછી જાય છે.

એ પોતાના ખેતરમાં પાછો આવે છે. રાહ જુએ છે, કંકોતરી લઈને બ્રાહ્મણ ગામમાં આવશે. વાટ જોતો રહે છે. સાંજ પડી જાય છે. એને શંકા જાય છે, 'બધું પતી ગયું હોય એમ કેમ લાગે છે?' કોઈ આવતું નથી. વેળા વીતતી રહે છે. ખેતરમાં ઘેરાઈ આવેલા અંધકાર સિવાય બીજું કશું રહેતું નથી, માત્ર 'ઊજળાં કપડાંને લીધે એ એકલો જુદો પડતો હતો.' એકલો જ છે. કોઈ કંકોતરી નહીં, કોઈ રેવા નહીં. ભેંશની ચમકતી આંખો અને ભૂખ્યો કાબરો કૂતરો. લાલજીની આંખો ટપકી પડે છે. કુલડીમાં કપાસની દવા નાખી પી જાય છે. 'પેટમાં સાપ ને શેળો લડતા હોય' એવું લાગે છે. ઊલટી થાય છે. ભસતા કૂતરા અને સાંકળ તોડતી ભેંશના અવાજ સીમના ખેતરમાંથી ગામની ભાગોળ સુધી પહોંચે છે. વીરજી દોડતો આવે છે, લાલજીને ખભે નાખી અધ્ધરશ્વાસે સારંગની હૉસ્પિટલમાં પહોંચે છે.

લાલજી બચી જાય છે. આ બાજુ બ્રાહ્મણ મોડોમોડો પણ કંકોતરી લઈને ગામમાં આવ્યો છે. જીવનમરણ વચ્ચે ઝોલા ખાતા લાલજી પાસે બધાં ભેગાં થાય છે. લાલજી બચી જાય એવી આશા બંધાઈ છે. મુખી બ્રાહ્મણને કંકોતરી વાંચવાનું કહે છે. એ સાંભળીને લાલજી કહે છેઃ 'હવે હું મરું તો મને કોઈ બાબતનો વસવસો રહેવાનો નથી. મરતાં મરતાંય હું જીવી ગયો છું.' મુખીએ રેવાને ઘેર સમાચાર આપ્યા છે, બ્રાહ્મણને પૂછે છેઃ 'મુરત તો સચવાશેને?' લાલજી 'રેવાનું નામ હોઠે ફરકી ન ઊઠે એની કાળજી લેતો' ધીમેથી બોલી ઊઠે છેઃ 'આ બધું જાણ્યા પછી એ મુરતની રાહ જોઈને બેસી રેશે ખરી?' આ વખતે પણ એનો વિશ્વાસ સાચો પડે છે, લાલજી બારણા નજીક આવી પહોંચેલી રેવાનાં પગલાંનો અણસાર પામી જાય છે.

કથા અહીં પૂરી થાય છે પરંતુ વાંચકના મનમાં કથા આગળ વધે છે. હું જ્યારે પણ 'લાગણી' વાંચવાનું પૂરું કરું, એક દશ્ય મારા મનમાં રચાય છે, લાલજી રેવાને પહેલી વાર મળ્યો ત્યારે એણે કલ્પેલું દશ્ય – 'ખેતરમાં એક બાજુ ભેંશ પૂંછડાથી હળવે હળવે માંખો ઉડાડતી હોય, બીજી બાજુ વહાલો વફાદાર કૂતરો ગઈ કાલનો રોટલો ચગળતો હોય ને સામસામે બેઠેલાં ધણી-ધણિયાણી ચા પીતાં પીતાં મલકાઈ ઊઠતાં હોય. આનું નામ જ સુખ. સ્વર્ગના મોટા મોટા દેવોનેય મળી મળીને આનાથી વધારે શું મળતું હશે? હેં?'

ગુજરાતી સાહિત્યમાં ઘણી ગ્રામકથાઓ રચાઈ છે, માતબર પાત્રો સરજાયાં છે, 'લાગણી'નો લાલજી એમાં જુદો તરી આવે છે. બહારથી ભલે એકલહુવોર લાગતો પણ ભીતરથી સમગ્રને એક કરી સભર થવા મથતો, લાગણીભૂખ્યો, છૂટા હાથે લાગણી વેરતો અને એવી જ લાગણીની શોધમાં ભટકતો, જેને માણસ થવા સિવાય બીજું કશું જોઈતું નથી, જે બધાનું ભલું જ તાકે છે એવો માણસ – આ લાલજી – વરસો પછી પણ ભૂલ્યો ભુલાતો નથી.

એમાંય અમારી વચ્ચે તો વળી રેડિયોનાટકવાળી લાગણી.

# ધીરેન્દ્ર, ધરતીકંપ અને 'છાવણી'

ધીરેન્દ્ર મહેતાની નવલકથા 'ચિહ્ન' ૧૯૭૮માં પ્રકાશિત થઈ. આટલાં વરસો પછી પણ હું 'ચિહ્ન'ના નાયક ઉદય અને એના સર્જક ધીરેન્દ્રને અલગ કરીને જોઈ શકતો નથી. ધીરેન્દ્રમાંથી ઉદયને પામવાનો અને ઉદયમાંથી ધીરેન્દ્રને સમજવાનો પ્રયત્ન કરું છું. પોલિયો થવાથી ત્રણ વરસની ઉંમરે ઉદય એના બંને પગ અને ધરતી વચ્ચેનો સંબંધ ખોઈ દે છે. ધીરેન્દ્રે પણ નાની વયે ધરતી સાથે જોડાવાનો સીધો અનુબંધ ગુમાવી દીધો હતો. પોતાના પગનું અચેતન સ્વીકારવાની મથામણ કરતા ઉદયની 'આંખોમાં, તેના હલનચલનમાં, તેના ચિત્કારમાં ફરિયાદનો સ્વર સંભળાતો – મારાં વીતેલાં વરસોનું શું? મારી ઉપલબ્ધિઓનું શું? આ પૃથ્વી પર મેં પાડેલાં એક એક પગલાનું વળતર મારે જોઈએ.'

ઉદયે માગેલા 'એક એક પગલાનું વળતર' ધીરેન્દ્રએ એની અંગત જિંદગીમાંથી સંવેદનશીલ સર્જક તરીકે વિવિધ સર્જનપ્રવૃત્તિ અને અભ્યાસનિષ્ઠામાંથી મેળવવાનો જિદ્દપૂર્વક પ્રયત્ન કર્યો છે. ધીરેન્દ્ર અને ઉદયને જિદ્દથી અલગ કરી ન શકો. જિદ્દ જ એમના સમગ્ર ચૈતન્યનું ચાલકબળ છે. ઉદયના પિતા ભાઈ સાહેબ પુત્ર વિશે ભવિષ્યવાણી કરતા હોય તેમ કહે છેઃ 'એની જિદ્દ જ એની પાસેથી આજે ઉંબર અને કાલે પહાડ ઓળંગાવશે.' નવલકથાનું એ વાક્ય વાંચું છું ત્યારે ધીરેન્દ્રના પિતાનો ઘેરો અવાજ મને સંભળાય છે.

'ચિહ્ન'માં ઉદય માટે અને વાસ્તવિક જીવનમાં ધીરેન્દ્ર માટે પોલિયોની દુર્ઘટના સૌથી વિનાશક ધરતીકંપ હતો. ઉદયના સંદર્ભમાં એ અંગત ધરતીકંપની ઘટના 'ચિહ્ન'માંથી જોઈએઃ ઉદય 'એકાએક ઊભો થવા ગયો, કૃશ થઈ ગયેલા એના પગ એનો ભાર ઝીલી શક્યા નહિ. એ સીધો માના ખભા પર તૂટી પડ્યો, માને પોતાના માથે ઇમારત પડ્યાનો અનુભવ થયો... તત્ક્ષણ સુધી જે ટકી રહ્યું હતું, સમયનો જે ખંડ નક્કર અવાજ સંભળાવતો હતો તે બધું કડડભૂસ...'

કડડભૂસ થવાની ઘટના ભુજના હજારો લોકોએ ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીની સવારે ભયાનક ધરતીકંપ વખતે અનુભવી હતી, ધીરેન્દ્ર પણ એમાંના એક હતા. તે વખતે એ ધરતીકંપના આંચકાઓથી તૂટી રહેલા એમના ભુજના ઘરમાં કૅલિપર્સ પહેર્યા વિના બેઠા હતા. ધરતીકંપનો એ જાતઅનુભવ ધીરેન્દ્ર 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક અને સર્જકમિત્ર હર્ષદ ત્રિવેદીને ૧૯-૨-૨૦૦૧ના રોજ લખેલા પત્રમાં આ રીતે આલેખે છેઃ '... ઘર તો જાણે દરિયા વચ્ચેનું વહાણ બની ગયું હતું. એનું એન્જિન એકાએક ચાલુ થયું હોય એવી જોરદાર ઘર્રરાટી અને

પછી તેજ ગતિ. બહાર મોજાં ઊછળતાં હોય એવા ધૂળના ગોટેગોટા. ફ્લૉર સરકવા લાગી હતી અને આખું ઘર ડોલવા લાગ્યું હતું... હું વ્હીલચૅરમાં હતો... મારી નજર સામે પત્નીની ભયત્રસ્ત આંખો અને આતંકગ્રસ્ત ચહેરો હતો અને છતાં, તું માનશે, તારા સમ, એ ક્ષણે મારા મનમાં ભયનું લખલખું સુધ્ધાં નહોતું. મને એક પ્રકારનો રોમાંચ થતો હતો અને હું મૂરખ, ગમ્મત પડતી હોય તેમ હસતો હતો! It was an experience, outer and inner. પણ ક્ષણાર્ધ પૂરતો.'

એ 'ક્ષણાર્ધ' પૂરતા 'રોમાંચ' પછી લાચારી જન્મી હશે અને એ જ સમયે વરસો પહેલાં થયેલા પોલિયોના ધરતીકંપના આઘાતમાંથી ઊભી થયેલી અને પછી જીવનના અશ્વમેધ યજ્ઞને સંપન્ન કરી શકનાર વ્યક્તિની તાકાત પણ કામે લાગી હશે.

ધરતીકંપના આઘાત અને સતત ચાલુ રહેલા આફ્ટર શૉક્સની વચ્ચે, બાહ્ય અને આંતરિક ભીંસની વચ્ચે, ધીરેન્દ્રએ કાવ્યો લખ્યાં. એ વિશિષ્ટ કાવ્યો કદાચ ધીરેન્દ્ર માટે એકમાત્ર છુટકારો હતો. ઉદયની માતાને થયેલો ઇમારત પડવા જેવો અનુભવ ધરતીકંપ વિશેનાં એમના એક કાવ્યમાં આ રીતે વ્યક્ત થયો છે :

*'આમ અચાનક*
*અરધા શ્વાસે*
*ત્વરિત તીવ્ર ગતિએ*
*હાલકડોલક*
*ઊંચનીચક*
*આડીતેડી*
*ભર્રર્રર્ર ભમ્મ....*
*ગોટેગોટા ધૂંઆધાર અંધ અવાજો...'*

વરસો પહેલાં પોલિયોના અંગત ધરતીકંપ પછી ધીરેન્દ્ર ૨૦૦૧ના ધરતીકંપને કારણે બીજી વાર ધરતી પરથી વિશ્વાસ ખોઈ બેસે છે. ધરતીકંપ પછીની 'પ્રથમ રાત્રિ' કાવ્યમાં એ કહે છેઃ

*'આ ધરતી જેવી ધરતી,*
*જન્મજન્માંતરોથી*
*જે હતી માતા-*
*ગોદમાં રમાડ્યો ને પોઢાડ્યો*
*ખોળો ખૂંદાવ્યો,*
*પગલીઓ પડાવી ટેકો દઈને...*
*ખસી ગઈ,*
*પછી આકાશનો શો ભરોસો,*
*જેની નીચે હું સૂતો છું.'*

ભૂકંપપીડિત જનસમુદાયની મદદે લગભગ આખી દુનિયા ઊમટી હતી, એ વચ્ચે ભેંકાર અને ઢગલો થઈ ગયેલા પોતાના ભુજ નગરને આપવા માટે ધીરેન્દ્ર પાસે શું હતું? કવિ તરીકે થોડી કવિતાઓ – અને વ્યક્તિ તરીકે 'કડડભૂસ' થયા પછી ફરી ઊભા થઈ શકવાનો એક આખેઆખો જાતઅનુભવ. કવિ ધરતીકંપથી પોલિયોગ્રસ્ત ભુજને પોતાની જેમ જ ફરી ઊભા થવાનું આહ્વાન આપે છે અને એ માટે બીજી કોઈ વ્યક્તિ આપી શકે નહીં તેવાં બે મહામૂલાં સાધનો એની સામે ધરે છેઃ

*'ઊઠ, ફરી હુંકાર કરીને*
*થઈ જા ઊભો,*
*આ લઈ લે મારા કૅલિપર્સ ને કાખઘોડી,*
*તૂટી પડેલા શ્વાસને જોડી.'*

•

ધીરેધીરે બધું ધીરેન્દ્રની ચેતનામાં સ્થિર થવા લાગ્યું હશે. તૂટેલા ઘરની બહાર ફેંકાઈ ગયેલા ધીરેન્દ્ર ભગ્ન શહેરના જનસમૂહની વચ્ચે જીવવા લાગે છે. અત્યાર સુધી એ કદીય નહોતા એવા 'બહાર' ભટકે છે. ઉપર નિર્દેશેલા પત્રમાં લખ્યું છેઃ 'બીજા દિવસે મેં જોયું કે ભુજ ભૂકંપપીડિત છાવણીઓમાં ફેરવાઈ ગયું છે અને ભગ્ન કિલ્લાની અંદરથી બહાર નીકળી પડેલી ભેંકારતાને નીરખ્યા કરે છે... મૃત્યુ કેટલું કુરૂપ અને કુત્સિત હોઈ શકે છે તે આ એક જ દિવસમાં મેં બરાબર જોયું છે અને બીજા દિવસથી કાટમાળના ગંજમાં ખૂંપી જઈને, ધરબાઈ જઈને પણ ક્યાંક સળવળી રહેલા જીવનના અણસારને ઉગારી લેવા કે મોતના જડબામાંથી જીવનને ઝૂંટવી લેવા ઝઝૂમતા ટૅક્નોક્રેટ અને ડૉક્ટરોના માનવીય પુરુષાર્થને પ્રમાણ્યો. આવનારા દિવસોને પણ તેનાં આવર્તનો રૂપે પ્રમાણું છું.'

વર્તમાન પરિસ્થિતિ અને એ 'આવનારા દિવસો' ધીરેન્દ્રની ૨૦૦૬માં પ્રકાશિત થયેલી નવલકથા 'છાવણી'ના ગર્ભાધાનનો સમય છે. ચારેબાજુ વેરણછેરણ પથરાયેલું પોતાનું શહેર અને જનજીવન સંવેદનશીલ સર્જકની નજરે જોયા કરે છે. બધા જ પ્રકારની સ્થિરતા ડગમગી ગઈ છે. પહેલી સમસ્યા હતી ક્યાંક પગ મૂકવા જેવી જગ્યા શોધવાની. 'છાવણી'ની પ્રસ્તાવનામાં કહે છેઃ 'સલામતી અંગે ભ્રમમાં રહી શકાય એવી કેટલીક જગ્યાઓ ટકી ગઈ હતી એમાં કેટલાંક સ્વજનોને ત્યાં કેટલોક સમય ગાળીને ભૂકંપપીડિત છાવણી શોધી કાઢી... આ પડાવે ભૂકંપપીડાનો અનુભવ આપ્યો, જાણે જીવનની એક અમૂલ્ય ઉપલબ્ધિ! અચરજની વાત છે કે એમાંથી છૂટવાની કોઈ ઉત્સુકતા પણ જાગતી નહોતી... પણ વડીલોને ખ્યાલમાં રાખીને નિવાસની યોગ્ય વ્યવસ્થા તરત શોધી કાઢવી પડે તેમ હતું. એ હડિયાપટ્ટીમાં મેં અમુક દિવસો તો આઠ-આઠ કલાક સ્કૂટર ચલાવ્યું છે... એ શોધ તો સફળ ન થઈ પરંતુ જે શોધવા નહોતો નીકળ્યો એવું કેટલુંય એ રખડપટ્ટીએ સંપડાવ્યું – બાહ્ય સ્વરૂપે અને અંતર સ્વરૂપે. માનવસંબધો અને વ્યવહાર રૂપે 'છાવણી'માં એ સર્વનો મુકામ છે.'

•

ધરતીકંપને લીધે હજારો લોકોની જેમ ધીરેન્દ્રના જીવનમાં પણ અંગત સ્તરે અસર કરનારી ગમખ્વાર ઘટનાઓ બની હતી. આ સર્જક અંગત અનુભૂતિને કેન્દ્રમાં રાખીને સમગ્ર અનુભવ વિશે વ્યક્તિગત સંવેદનકથા રચી શક્યા હોત પરંતુ એ 'ભૂકંપપીડિત સમુદાયની સામૂહિક નિરાધાર સ્થિતિ'નું 'કંઈક નિરપેક્ષભાવે' આલેખન કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. વાસ્તવિક પરિસ્થિતિમાં પણ મોટાભાગના ભૂકંપપીડિતોએ એ વિભીષિકાને એકલદોકલ વ્યક્તિની પીડા રૂપે જોઈ છે એ કરતાં સામૂહિક ઉચ્છેદનની દુર્ઘટના રૂપે વિશેષ જોઈ છે. લેખક અહીં શક્ય એટલું – તટસ્થતાની હદે પહોંચે એવું – અંતર જાળવી વિશાળ પરિપ્રેક્ષ્યને બાથમાં લેવાના ઇરાદાથી આલેખન કરવાનું તાકે છે. એ માટે ધરતીકંપ થઈ રહ્યો હતો એ વખતે જ પહેલી વાર ભુજમાં આવેલા રવિની નજરે દેખાયેલા અને પછી એણે ડાયરીમાં આલેખેલા વિરાટ અનુભવને કથાસ્વરૂપ આપવાનું ઉચિત માન્યું છે.

તેમ છતાં સામાન્ય રીતે નવલકથામાં પ્રયોજાતી ડાયરીની નિરૂપણરીતિથી રવિની ડાયરી જુદી પડે છે. સ્થગિત થઈ ગયેલા સમયના સંદર્ભમાં તારીખો નોંધવાનું અર્થહીન છે. રવિ એના મિત્ર સતીશને મળવા આવ્યો છે પરંતુ સંભવતઃ એ ધરતીકંપમાં મૃત્યુ પામ્યો છે. એનું શબ મળતું નથી. આ શહેર સાથે જોડી રાખે એવી એકમાત્ર પરિચિત વ્યક્તિની ગેરહાજરીમાં પણ રવિ ભૂકંપગ્રસ્ત શહેરની અગવડોની વચ્ચે એક વરસ જેટલો સમય રોકાય છે. એ માટે તાર્કિક ભૂમિકા રચવી જરૂરી હતી. એ અહીં આવ્યો તે સમયની એની માનસિક સ્થિતિ, મોટાભાઈ અને ભાભી સાથે સંબંધવિચ્છેદ વગેરેના ક્રમિક નિરૂપણ દ્વારા અને જરૂર લાગી છે ત્યાં ધરતીકંપથી ઊભી થયેલી બાહ્ય પરિસ્થિતિ સાથે એની અંગત મનોદશાને જોડતા જઈને ધીરેન્દ્ર એ તાર્કિક ભૂમિકા રચી શક્યા છે. દુર્ઘટનાનો ભોગ બનેલા શહેરને જોઈને 'આ કયા પ્રકારનો ધરતીકંપ હતો, જેણે બધું ઉઘાડું કરી સામે મૂક્યું હતું?' કે 'શામાં તિરાડ પડતી હતી અને શું છિન્નભિન્ન થઈ રહ્યું હતું?' જેવી રવિની ઉક્તિઓ એની મનોદશા સાથે જોડાતી રહે છે. વળી, રવિ જેવા આગંતુક પાત્રને લાવીને ધીરેન્દ્ર જાતઅનુભવ અને કૃતિમાંથી પ્રગટ થતા કલાગત અનુભવ વચ્ચેનું અંતર જાળવી શક્યા છે. એ રીતે 'વસ્તુમાં પડેલી અપીલ કરવાની ક્ષમતા વધુ ને વધુ બહાર' લાવી શકવામાં સર્જકને સફળતા મળી છે.

ચોક્કસ પાત્રોની સ્પષ્ટ રેખાઓ વિનાની આ નવલકથામાં રવિનું પાત્ર, એ માત્ર કથક હોવા છતાં, પાત્રત્વ પામી શક્યું છે એથી એ મૂળ કથાથી અતડું પડી જતું નથી. ખંડેર બની ગયેલા શહેર અને અંદર-બહારથી તૂટી ચૂકેલા લોકોની સાથે સંવેદનશીલ રવિ ક્રમશઃ જોડાતો જાય છે. ધરતીકંપને એક વરસ પૂરું થાય છે એ વરસીની રાતે એના હંગામી આવાસની બહાર બેસીને એકલાએકલા રડી રહેલા આ જ શહેરના એક નિવાસીની પીડા હળવી કરવા માટે બહારથી આવેલો રવિ બાથમાં લે છે. એ ક્ષણે ભૂકંપપીડિત માનવસમુદાયના પ્રતિનિધિ જેવો એ સ્થાનિક માણસ અને બહારનો રવિ અલગ રહેતા નથી. રવિ એ બધાંમાંનો એક થઈ ગયો છે એની પ્રતીતિ થાય છે.

જોડાવાની ક્ષણે જ સર્જક રવિને અલગ કરી દે છે. નવલકથાના આરંભે ભૂકંપગ્રસ્ત શહેર છોડી ભાગતા લોકોમાંથી કોઈકના સામાનમાંથી એક ડાયરી નીચે પડી ગઈ હતી. એ ડાયરી

રવિના હાથમાં આવી હતી. આ ડાયરીના એક પાના પર 'માણસોના માણસોને ભરખી જનાર ધરતીકંપની વિભીષિકામાંથી' બચી ગયેલી તુચ્છ અને નિર્જીવ ઘરવખરીની યાદી લખેલી હતી, બાકીનાં પાનાં કોરાં હતાં. અકસ્માત્ હાથ લાગેલી ડાયરીમાં રવિ ધરતીકંપગ્રસ્ત શહેરમાં બનતી વિગતો નોંધતો જાય છે અને છેલ્લું પાનું લખાઈ જાય છે ત્યારે એને ત્યાં જ મૂકી એ શહેર છોડવા બસમાં બેસે છે. બસ ઊપડે છે ત્યાં જ એક છોકરો દોડતો આવે છે ને બૂમ પાડે છે :

'સાહેબ, તમારી ડાયરી...'

રવિનો જવાબ છેઃ 'મારી નથી.'

•

'છાવણી' રૂપે આપણને જે મળે છે તે રવિએ લખેલી ડાયરી શું છે? રવિએ નોંધ્યું છેઃ 'એક ગમખ્વાર ઘટનાનો દસ્તાવેજ – ના, દસ્તાવેજ નહિ, હેવાલ – ના, હેવાલ નહીં, તસવીર – ના, તસવીર નહીં, એક ચિત્ર – આખા કૅન્વાસને ભરી દેતું, કદાચ કૅન્વાસની બહાર નીકળી જતું ચિત્ર.'

નવલકથાના આરંભમાં રવિએ આ કૅન્વાસમાં પગ મૂક્યો તે ક્ષણે તો એ ફાટી ચૂક્યું હતું. એ બસમાંથી ઊતર્યો ત્યારે 'ચારેબાજુ એવી ધૂંધળી થઈ ગઈ હતી જાણે વાદળ ઊમટી પડ્યાં હોય એમ લાગતું હતું – ધરતીથી આકાશ સુધી સળંગ... ચીસો સંભળાવા લાગી હતી – ધરતીકંપ... ધરતીકંપ...' ચારે તરફ થઈ રહેલી નાસભાગની વચ્ચે એ જેમાં પ્રવેશ કરે છે એ નગર થોડી મિનિટો પહેલાં, એના નિવાસીઓની જેમ, પોતાની મૂળ ઓળખ ખોઈ ચૂક્યું છે. રવિએ એ નગરને એના મૂળ સ્વરૂપમાં ક્યારેય જોયું નથી. 'જે સ્વરૂપે મેં એને જોયું એને નથી તો કોઈ આકાર કે નથી કોઈ નકશો. કાટમાળને વળી આકાર કેવો ને નકશો કેવો!' રવિ નિરાશ્રિત થયેલા શહેરમાં આશ્રય મેળવે છે એક ભૂકંપપીડિત છાવણીમાં – અને ત્યાંથી શરૂ થાય છે એની રખડપટ્ટી, જેનો કોઈ અર્થ નથી, છતાં એ રઝળપાટમાંથી એને જોવા મળે છે મૃત્યુનાં અનેક ભયાવહ – કંપકંપાવી નાખે એવાં દશ્યો, આવી પડેલી વિષમ પરિસ્થિતિમાંથી પ્રગટતાં માનવસ્વભાવનાં કુત્સિત રૂપો, આઘાતથી જકડાઈ ગયેલા લોકોમાં આવી જતી મૂઢતા – સંવેદનશૂન્યતા અને સમજી શકાય નહીં તેવી લાપરવાઈ... રવિ પકડી શકે છે – લોકોની પ્રતિક્રિયાઓમાં અરેરાટી અને અણગમા વચ્ચે કોઈ ફરક રહ્યો નથી.

રવિને દેખાય છે તૂટેલી ઇમારતોનાં દશ્યો, માનવસંબંધોની ખસી ગયેલી ઈંટો અને એમાં પડેલી તિરાડો. એની વચ્ચે એ રખડતો રહે છે, જોતો રહે છે, દેખાય છે એને ડાયરીમાં ઉતારતો જાય છે. નિરીક્ષણ ક્યારે વિચારોનું, વિચારો ક્યારે લાગણીનું અને લાગણી ક્યારે ફરી વિચારોનું રૂપ લઈ લે છે એની એને ખબર પડતી નથી. રવિના મનમાં આકાર લેતું વિભીષિકાનું રૂપ નક્કર અને વાસ્તવિક હોવા છતાં જાણે અમૂર્ત છે. 'માણસો એકબીજાની સાથે રહીને કે સામે આવીને જાતને જે રીતે સંભાળે છે કે ઘસાઈને નીકળી જાય છે એ કેટલું

અજાણ્યું છે! અહીં ઊભી થયેલી વિભીષિકાનું જે રૂપ છે તે આમાંથી છતું થાય છે. મનમાં એ જે આકાર ધારણ કરે છે તે બીજા કોઈને કહી શકાય તેમ છે જ નહિ કે નથી એને મનમાં ભરી રાખી શકાય એમ, એટલે તો ડાયરીનું શરણું લીધું છે.'

'છાવણી'માં સળંગ કથા નથી, વિચ્છિન્ન દૃશ્યો અને જુદાજુદા લોકો અલગઅલગ પરિસ્થિતિમાં કેન્દ્રમાં આવતાં જાય છે અને પછી ખસતાં જાય છે. એ બધાંને સળંગસૂત્રતામાં જો કશુંક પણ બાંધે છે તો એ છે વિનાશક ધરતીકંપ પછી ચારેકોર ફરી વળેલો 'ભંગુરતાનો જીરવી ન શકાય એવો સાક્ષાત્કાર' અને પછી વ્યાપી જતી ભેંકારતા – માત્ર ભેંકારતા જ, એ સિવાય બીજું કશું જ નહીં.

'છાવણી'નું શિલ્પ મલબાના ખડકાયેલા ગંજના ગંજ અને કાટમાળ જેવું છે. એનો આકાર તૂટી ગયેલી ઇમારતો જેવો છે – 'જેની અગાશીઓ પરથી ટાંકીઓ ઊંધે માથે ભોંય પર ઊથલી પડેલી છે અને સળિયા વાંકા વળીને આંતરડાં બહાર નીકળી પડ્યાં હોય એમ, લબડી પડ્યા છે.' ધીરેન્દ્ર કોઈ ટૅક્નોક્રેટની જેમ ઇલેક્ટ્રિક કટરો કે જે.સી.બી. મશીન કે ડમ્પરોની મદદથી બધું ફેંદતા જાય છે. સર્જક કશાકની ભીતર પ્રવેશે છે તે સાથે જ કોઈ શિલા નીચે દબાયેલો કોઈના શરીરમાંથી છૂટો પડી ગયેલો હાથ દેખાઈ જાય છે. આ નવલકથા એવા ટેકરા જેવી છે, જેના 'ઉપર ચઢતી વખતે કશુંક ચગદીને ચાલ્યા જવાનો ભાવ જાગે. એ ભાવ થંભી જતા પગમાં પણ અનુભવાય છે, જેને તરછોડીને કે ઉવેખીને જ નહિ, કચડીને આગળ વધવાનું છે...' આ નવલકથામાંથી મળતા અનુભવમાંથી પસાર થતાં નક્કી થઈ શકતું નથી કે જે કણસાટ અને ચીસ ઊઠે છે તે 'બહારથી સંભળાય છે કે અંદરથી?'

•

સૌ પ્રથમ દૃશ્યરૂપ લે છે ભૂકંપપીડિત લોકોની છાવણી, એમાં રવિનો થઈ જતો સમાસ, જમવા વખતે થાળીવાટકો લઈને કતારમાં ઊભાં રહી ગયેલાં લોકો અને ફૂડપૅકેટ્સ મેળવવા ચારેબાજુથી લંબાયેલા અનેક ઊજળા હાથ. એ બધાં હમણાં હજી ગૃહ-સ્થ હતા અને એક જ ધક્કા સાથે ઘરબાર અને ભવિષ્ય વિનાના થઈ ગયા છે. આરંભમાં મદદને ભીખ માનતા લોકોનું સ્વમાન પછી તો ક્યાંય ઓગળી જાય છે.

ધરતીકંપે સૌથી વધારે ઉઘાડાં કરી નાખ્યાં છે મૃત્યુનાં અનેક વિદ્રૂપ રૂપો. જીવતાં બચ્યાં હોય એ સ્વજનોને અથવા એમની લાશ શોધવા લોકો પોતાના જ ઘરના ઢગલા સામે ઊભાં રહે છે. લાશોનો અગ્નિસંસ્કાર નહીં, 'નિકાલ' કરવામાં આવે છે. આખો મૃતદેહ હાથ ન લાગે તો છૂટાં પડી ગયેલાં અંગો કોથળામાં ભરવાં પડે છે. ઓળખી ન શકાતી એક લાશની માલિકી માટે બે માણસો વચ્ચે બોલાચાલી થાય છે. એક ઘરમાં દટાઈ ગયેલાં પત્ની, દીકરો અને દીકરીનાં શબ શોધવા બચી ગયેલો પુરુષ પાગલની જેમ બે હાથે મલબો વીંખે છે, બંને હાથ ઉઝરડાઈ ગયા છે... પછી એ પુરુષ 'જાણે પોતાના એક એક જણને બાથમાં લેતો હોય એમ પથરાને, સળિયાને છાતી સરસા જકડી રાખે... બોલવા લાગે... રડવા લાગે...'

શબોને ખભા ઉપર, ટીંગાટોળી કરીને, લારીમાં, રિક્ષામાં મોટા મેદાનમાં ઠાલવવામાં આવે છે અને પછી 'ધુખાવી' દેવામાં આવે છે. મૃત્યુની ગરિમા સાચવી શકાય તેવી સ્થિતિ જ રહી નથી. મૃત અને જીવિત લોકો વચ્ચે કોઈ ફરક રહ્યો નથી – 'નિર્જીવ લાશો નીચે પડી હતી, જીવતી લાશો નીચે પડી હતી; જીવતી લાશો ઘૂમતી હતી.'

મૃત્યુનાં દશ્યોની સમાંતરે ધરતીકંપથી ઊભી થયેલી વિકરાળ પરિસ્થિતિને પહોંચી વળવા ચાલતી પ્રવૃત્તિઓની વિગતો પણ મળે છે. કામચલાઉ સારવાર કેન્દ્રોમાં ઈજાગ્રસ્તોનો ધસારો પહોંચી વળવા ઝઝૂમતા ડૉક્ટરો, કાટમાળની વચ્ચે કુનેહપૂર્વક કામ કરતા લશ્કરના જવાનો. એની સમાંતરે રાત પડતાં જ નગરના ખંડેરોમાં ચાલતી લૂંટફાટ, વસતીની વચ્ચે ઘૂસીને શબોને ખેંચી જતાં ઘરખોદિયાં વગેરેની વિગતોથી લેખકની કલમ બહોળા ફલકનું આલેખન કરતી રહે છે.

•

રવિ નોંધે છેઃ 'ડાયરીનાં પાના પર કલમ મૂકું છું ત્યારે પણ ઘણી વાર એવો અનુભવ થાય છે, જાણે એક પ્રચંડ વિસ્ફોટ થાય છે ને બધું ઊછળીને તેના પર પથરાય છે.' ધરતીકંપની વિનાશક ઘટનાના સંદર્ભમાં જોવા મળતી માનવસ્વભાવ અને માનવવ્યવહારની વિદ્રૂપ વિલક્ષણતાઓના અનેક વિસ્ફોટ 'છાવણી'માંથી સંભળાય છે.

દેશવિદેશથી આવેલી રાહતસામગ્રી મેળવવા લોકો ઝૂંટાઝૂંટ કરે છે. દરેક જણને બાજુમાં ઊભેલો માણસ મેળવી લે તે પહેલાં કશુંક મેળવી લેવું છે. રાહતસામ્રગીની સંઘરાખોરી અને પછી એ વેચી દેવાની વેતરણ ચાલે છે. સરકાર તરફથી કૅશડોલ્સની વહેંચણી થતી હોય ત્યારે ઘાંઘા થઈને દોડતા લોકો એમના ઘરને થયેલું નુકસાન વધારેમાં વધારે સાબિત કરવા જાતજાતની તરકીબો રચે છે. મૃતકો માટે મળતાં વળતરનાં નાણાં મેળવવા માટે પણ લોકોની મૂલ્યહીનતાના કિસ્સા ડાયરીમાં નોંધાયા છે. એક ચાવડાએ એને હાથ લાગેલી લાશ એના બાપની છે એમ માની અગ્નિસંસ્કાર કર્યા અને વળતરની રકમ મેળવી લીધી. ત્યાર પછી સાચા બાપની લાશ મળે છે ત્યારે ચાવડા એને ઓળખવાનો ઇન્કાર કરી દે છે. એક કિસ્સામાં જેનું વળતર મળી ચૂક્યું છે એ માણસ જીવતો નીકળે છે ત્યારે વળતર મેળવી ચૂકેલી વ્યક્તિ એને ગામમાંથી ભગાડી દે છે. ડૉક્ટરો એમની હૉસ્પિટલનાં બિલ્ડિંગ શૉપિંગ સેન્ટર્સમાં ફેરવી કમાણી કરવા લાગે છે. આવું તો કેટલુંય 'છાવણી'માં ચારેકોર જોવા મળે છે.

ભાભવાણી નામનો સુરંગ ફોડવાનું કામ કરતો હમાલ લોકોની આવી કુત્સિત મનોદશાથી અકળાઈને કહે છે કે હજી એક ધરતીકંપની જરૂર છે, 'કહે છેને કે નવસર્જન કરવાનું છે… એમ હોય તો પહેલાં જે કંઈ જૂનુંપુરાણું હોય એનો પૂરેપૂરો નિકાલ કરવો પડેને?' આ ઉદ્દગારમાં વ્યંગ કે તિરસ્કાર કે ઉપહાસ નથી, માનવવ્યવહારથી જાગેલો ક્ષોભ છે. રવિ પણ અનુભવે છેઃ 'શરૂઆતમાં મને એમ લાગતું હતું કે ધરતીકંપની આ ઘટના માણસને મૂળસોતો બદલી નાખશે, પરંતુ આવું કંઈ બને છે અને ફરી પાછું એમ થાય છે કે ના, એ રીતે બદલાવું ટકાઉ નીવડતું નથી, માણસ વળી પાછો એ જ જગ્યાએ આવી જાય છે.'

ક્ષુબ્ધ કરી નાખે એવા માનવવ્યવહારો અને માનવસંબંધોમાં પડેલી તિરાડોની સાથે 'સાક્ષાત્ ભંગુરતાની વચ્ચે પણ ભવિષ્ય જેવું કશુંક મંગળ' બની રહ્યું હોવાનું એંધાણ આપતી ઘટનાઓ પણ આલેખાઈ છે. એવી એક ઘટના છે એક પ્રૌઢ અને અપંગ છોકરા વચ્ચે બંધાયેલા સંબંધની. પ્રૌઢ કહે છેઃ 'એકલો હું જ બચ્યો છું આખા ઘરમાંથી અને આના ઘરમાંથી એકલો આ છોકરો. આ સગપણ અને આ સંબંધ. હવે ઊભો થાઉં છું ને તરત એમ થાય છે કે કોઈક ભેળું છે.' છાવણીમાં એક યુવતીના આણાનો પ્રસંગ ઊજવાય છે. ચારે બાજુ છવાયેલા મરશિયાં જેવા વાતાવરણની વચ્ચે મંદમધુર સ્વરે ગીતો સંભળાય છે. એ ઉપરાંત દેશવિદેશથી આવેલા સેવાભાવી લોકો અને સંસ્થાઓનો નિઃસ્વાર્થ માનવતાવાદી અભિગમ... આવું બધું એક પ્રકારનું સમતોલન પૂરું પાડે છે.

•

રવિ રહે છે તે છાવણીમાં અલગ પ્રકારના સંસારનું ચિત્રાત્મક નિરૂપણ 'છાવણી'નો મહત્ત્વનો અને જીવંત હિસ્સો છે. 'સવાર પડે ને છાવણી સૂમસામ થઈ જાય ને રાત પડે ને ભરીભાદરી. પછી આખા શહેરની કરમકથની એ રીતે સાંભળવા મળે કે નક્કી કરવું મુશ્કેલ થઈ જાય કે આમાં કોણ કોનું સગું છે ને કોણ નહિ... તાપણા ફરતે કૂંડાળામાં બેઠેલા માણસો અને બીજી બાજુ બાળકો અને વૃદ્ધોને સાચવીને કે ખભે નાખીને થપથપાવતી સ્ત્રીઓ... કઈ નિસબત હતી આ બધાંને એકબીજાંની સાથે? આમાંનું કોણ કોને આ પહેલાં ઓળખતું હતું અને હવે પછી કોણ કોની સાથે રહેવાનું છે?' ધરતીકંપ પછી આખા શહેરનાં લોકો આવી છાવણીઓમાં વસવા લાગ્યાં હતાં. ખંડેર થઈ ગયેલા ભૂતકાળ અને અનિશ્ચિત ભવિષ્ય વચ્ચે છાવણીઓનો વર્તમાન જેટલો હંગામી લાગે છે તેટલો જ તત્કાળ પૂરતો ટકાઉ અને એકમાત્ર આશ્વાસન બની રહે છે. છાવણીઓ ઊખડી જાય છે પછી અન્ય જગાઓમાં રહેવા ચાલ્યા ગયેલા લોકોમાંથી ઘણા હંગામી આવાસોમાં રહેવા જાય છે. આ હંગામી આવાસો છાવણીની સરખામણીમાં થોડી થાળે પડતી પરિસ્થિતિ દર્શાવે છે. રવિ પણ એવા જ એક હંગામી આવાસમાં રહેવા લાગે છે અને અનુભવે છે કે અહીં વસવા આવેલા લોકો ભૂતકાળ અને વર્તમાનને વળોટીને સીધા ભવિષ્યમાં આવી ગયા છે. એવા જ એક આવાસમાં ચૂલાનું અજવાળું જોઈને રવિના મનમાં ફરીથી ઘર વસી રહ્યાં હોય તેવી લાગણી જન્મે છે.

એક વિશાળ કૅન્વાસ પર ચિત્ર દોરી રહેલા સર્જકની નજરમાંથી ધરતીકંપ પછીના એક વરસ જેટલા સમયગાળામાં જે કંઈ બન્યું એમાંનું કશું જ છૂટ્યું નથી. અસ્થાયી જીવન જીવતા લોકોની સેક્સ વિશેની અગવડો, નગરના નવેસર આયોજનના પ્રશ્નો, કાટમાળ થઈ ગયેલા ઘરમાં સંતાડી રાખેલાં કાળાં નાણાંને સગેવગે કરવાની સમસ્યા, વળતરમાં મળેલી રકમમાંથી વાહનો ખરીદીને ભૌતિક રીતે સંપન્ન થવાની ઊભી થયેલી તકો, બાંધકામની મજૂરીના વધેલા ભાવ – જેવી કેટલીય બાબતો નવલકથાના વાતાવરણ અને કેન્દ્રથી અતડી થયા વિના સંયોજાતી રહે છે. એક દાદા એના પૌત્રને જંગલમાં આવેલા એક ભયાનક પ્રાણીની બાળવાર્તા કહે છે ત્યારે બાળકની કલ્પનામાં એ ભયાનક પ્રાણી શહેરમાં ફરવા લાગેલાં જે.સી.બી યંત્રોનો આકાર ધારણ કરી ઊઠે છે.